## તંત્રી સ્થાનેથી......

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમમાં કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા ડી. કે. પાનસરા વડોદરા ખાતે બદલી થઈને આવ્યા એને માંડ એક અઠવાડિયું થયું છે. વડોદરા ખાતે હાજર થયાને બીજા દિવસે તેમને માહિતી આપવામાં આવી કે શેરીગલીમાં રહેતા બાળકોના પરિવારોને સરકારી યોજનાનો લાભ આપવા કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા એક પરિવારની જવાબદારી સોંપવામાં આવી છે. ફરજ ઉપર હાજર થયાના ત્રીજા દિવસે તેઓ એ બાળકોના ઘરે પહોંચી ગયા. બાળકોના પરિવારની સ્થિતિ જાણી. પરિવાર ગરીબ હતો એટલે સ્વાભાવિક છે કે બાળકોને અભ્યાસના પુસ્તકોના ફાંફા હોય. તેમણે વિના વિલંબે બાળકીઓના પુસ્તકો લાવી આપ્યા. શાળાના આચાર્ય સાથે વાત કરી. શાળાની ફી પણ તેઓ ભરવાના છે. કેવી સુંદર સંવેદના! આવું વડોદરાના તમામ અધિકારીઓ કરી રહ્યા છે. વાત જાણે એમ છે કે, રાજ્ય સરકારના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા ચિલ્ડ્રન ઈન સ્ટ્રીટ સિચ્યુએશનની દરકાર લેવા માટે ઝૂંબેશ ઉપાડવામાં આવી છે. તેનો આ એક ભાગ છે. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સની માર્ગદર્શિકા મુજબ સમાજ સુરક્ષા વિભાગ દ્વારા વડોદરા શહેર, ડભોઈ અને સાવલીમાં એક સર્વે કરવામાં આવ્યો અને તેમાં ૫૨ પરિવારોના ૧૧૧ બાળકો શેરીગલીમાં રહેતા માલૂમ પડ્યા હતા. જે પૈકી આઠ પરિવારમાં પિતા અને ત્રણ પરિવારમાં માતાનું મૃત્યું થયું હોવાના કારણે પણ બાળકોને શેરીગલીમાં રહેવાની મજબૂરી આવી પડી હતી. આવી સ્થિતિને ધ્યાને રાખીને કલેક્ટર શ્રી અતુલ ગોર દ્વારા એક અભિયાન ઉપાડવામાં આવ્યું છે. શેરીમાં રહેતા બાળકોના સર્વાંગી ઉત્થાન માટે અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આ બાવન પરિવારોને સરકારી યોજનાના લાભો મળી રહે તેની જવાબદારી જિલ્લાના બાવન અધિકારીઓને સોંપવામાં આવી છે. આ અધિકારીઓ દ્વારા પરિવારોની સ્થિતિનું આકલન કરી તેને વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવી રહ્યો છે. સમાજ સુરક્ષા અધિકારી શ્રી મયંક ત્રિવેદી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારી શ્રી અમિત વસાવાએ પ્રથમ તો આ બાળકો તથા તેમના માતાપિતાના જરૂરી દસ્તાવેજો બનાવવાનું શરૂ કર્યું. ૪૧ માતા, ૪૦ પિતા અને ૧૧૧ બાળકોના આધારકાર્ડ કઢાવવામાં આવ્યા. તે બાદ તેના રાશન કાર્ડમાં જરૂરી સુધારાવધારા કરાવવામાં આવ્યા. ૩૨ માતા અને ૩૫ પિતાના ઈ-શ્રમ કાર્ડ કઢાવવામાં આવ્યા. ૮૮ બાળકો, ૨૮ માતા અને ૩૧ પિતાના બેંક ખાતા ખોલાવવામાં આવ્યા.

# "રોજગાર થકી આત્મનિર્ભર બની પરિવારને ઉજ્જવળ ભવિષ્ય પ્રદાન કરીએ" - કલેક્ટરશ્રી પ્રભવ જોષી


**કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને રોજગારલક્ષી "સાધન સહાય વિતરણ" કાર્યક્રમ યોજાયો**





કમલમ્ ન્યુઝ,રાજકોટ

રાજકોટના જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ સમાજ સુરક્ષા વિભાગના જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ ખાતે જરૂરિયાતમંદ બાળકો અને તેમનાપરિવારને રોજગારલક્ષી સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રોજગાર લક્ષી સાધનો જેવા કે રેકડી, સાયકલ, સિલાઈ મશીન તેમજ ઈ-શ્રમ કાર્ડ, આધારકાર્ડ, PMJAY કાર્ડ, રેશનકાર્ડ જન ધન યોજના સહિતની વિવિધ યોજનાઓના લાભથી ૧૭ પરિવારના ૪૧ બાળકોને લાભાન્વિત કરવામાં આવ્યા હતા. આ અવસરે કલેકટરશ્રી પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દરેક જરૂરિયાતમંદ નાગરીકને સરકારની કલ્યાણકારી યોજનાઓનો લાભ મળે તે માટે સકારાત્મક અભિગમ દાખવીને કામગીરી કરવામાં આવી રહી છે. આજે ખુશીનો દિવસ છે કે, સાધન સહાય કીટ, વિવિધ યોજનાઓના લાભ પગભર બનવામાં અને સારુ જીવન જીવવવામાં મદદરૂપ થશે. જેનો વ્યસ્થિત ઉપયોગ કરવાથી આપની સાથે બાળકોનું પણ ભવિષ્ય સુધરશે. દરેક માતા-પિતા ઈચ્છતા હોય છે કે પોતાના બાળકનું ભવિષ્ય સંઘર્ષમય ન હોય ત્યારે બાળકોને શાળાએ મોકલીએ અને ભણાવી ગણાવીને તેનું ઉજ્જવળ ભવિષ્ય સુરક્ષિત કરીએ. ઉલ્લેખનીય છે કે, આ તકે રાજકોટ આરોગ્ય વિભાગ દ્વારા મેડીકલ કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાયનેક, મેડીસીન, પીડીયાટ્રીક, ઈ.એન.ટી. સર્જન અને રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમની ટીમ ઉપસ્થિત રહી હતી. તેમજ કલેકટરશ્રીએ પ્રાંત અધિકારીશ્રીઓ અને સમાજ સુરક્ષા - બાળ સુરક્ષાની કામગીરીને બિરદાવી હતી. વધુમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી અલ્પેશ ગોસ્વામીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ચાઈલ્ડ વેલ્ફેર કમિટીના ચેરમેન શ્રી રક્ષાબેન બોડિયાએ પ્રસંગોચિત ઉદબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં સહયોગી સંસ્થાના પ્રતિનિધિશ્રી હરેશભાઈ વોરા, પ્રાંત અધિકારી સર્વેશ્રી વિવેક ટાંક, શ્રી કે.જી.ચૌધરી, શ્રી સંદીપકુમાર વર્મા, સમાજ સુરક્ષા અધિકારીશ્રી મહેશ ચૌહાણ, અનુસૂચિત જાતિના નિયામક શ્રી સી.એન.મિશ્રા, PMJAY નોડલ અધિકારી શ્રી હરસુખભાઈ સોજીત્રા, સમાજ સુરક્ષા વિભાગના અન્ય કર્મચારીઓ અને સેવાભાવી સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



# હિંમતનગર ના નવા વિશ્રામગૃહ હોલ ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી

કમલમ્ ન્યુઝ,

સાબરકાંઠા અરવલ્લી જિલ્લા ના સાંસદ દિપસિહ રાઠોડ દ્વારા આજે તઆ૩૧મે ના રોજ હિંમતનગર ના નવા વિશ્રામગૃહ હોલ ખાતે દિપસિહ રાઠોડ તેમજ રાજ્યસભાના સભ્ય રમીલાબેન બારા ની ઉપસ્થિતિમાં પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. ભારતીય જનતા પાર્ટી દ્વારા ૩૧મે થી ૩૦જૂન સુધીના ભાજપ દ્વારા નરેન્દ્રભાઈ મોદી ના નેતૃત્વના નવ વર્ષ ના શાસનમાં ભારતનો વિકાસ તેમજ ભ્રષ્ટ્રાચાર મુક્ત ભારત સહિતના જનજન ના વિકાસ માટે કરેલા વિકાસકાર્યો સહિતની વિવિધ વાતો વિકાસલક્ષી મુદ્દાઓ તેમજ ભારત વિશ્વગુરુ બનવા જ?ઈ રહ્યું છે એ તમામે તમામ મુદ્દાઓ જનતા સાથે પહોંચાડવા પ્રબુધ્ધ લોકોની મુલાકાતો ગામે ગામ અને ઘર ઘર સુધી જનતા સંપર્ક સહિતના ભાજપના એજંન્ડા પ્રમાણે ના કાર્યક્રમો નું વિસ્તૃત માહિતી સંસદસભ્ય શ્રી દિપસિહ રાઠોડ તેમજ રમીલાબેન બારા વગેરે એ આપી હતી.આ પ્રસંગે પ્રમુખ જે.ડી પટેલ જિલ્લા પ્રભારી ગજેન્દ્ર ભાઈ સકસેના મહામંત્રી વિજયભાઈ પંડ્યા મહેન્દ્રસિંહ રહેવર ધારાસભ્ય શ્રી વિનેન્દ્રસિહ ઝાલા પ્રાંતિજ તાલુકાના ધારાસભ્ય શ્રી ગજેન્દ્રસિંહ પરમાર ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરા ભાજપ પ્રદેશ ના મહિલા ઉપપ્રમુખ કુ.કૌશલ્યાકુવરબા અશ્વિનભાઈ કોટવાલ ઈડરના લલિતભાઈ પટેલ સહિતના ભાજપના હોદ્દેદારો આગેવાનો અને મીડીયા કર્મીઓ આ પત્રકારો તેમજ જિલ્લા ભાજપના મીડિયા કન્વીનર પંકજભાઈ ધુવાડ તેમજ દિવ્યેશભાઈ ભાવસાર તેમજ જિલ્લા ના મીડીયા સેલ હોદ્દેદારો પત્રકારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યારા નગરપાલીકા દ્વારા પ્રિમોનસુનની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી





કમલમ્ ન્યુઝ,સમીર શાહ

આગામી ચોમાસાને અનુલક્ષીને તાપી જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા પ્રિમોનસુનની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અન્વ્યે વ્યારા નગરપાલીકા દ્વારા ડ્રેનેજ વ્યવસ્થા, ગટર, નદી સાફ-સફાઈ વગેરેની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ માટે ખાસ વ્યારા નગરપાલિકામાં કુલ સાત વોર્ડમાં સાત સેનિટેશન સુપરવાઈઝરોની નિમણૂંક કરવામાં આવી છે. જેઓ દ્વારા નગરના જે-તે વોર્ડમાં આવેલા વરસાદી ચેમ્બરો, ગટરો, ગરનાળાઓની સફાઈની કામગીરી ઉપર દેખરેખ રાખવામાં આવે છે. નગરમાં ચોક-અપ થયેલ વરસાદી ચેમ્બરને જેટીંગ મશીન દ્વારા ચાલુ કરી ખુલ્લા કરવામાં આવ્યા છે. નોંધનિય છે કે, વ્યારા નગરપાલિકા વિસ્તારની આશરે ૬૦ થી ૬૫% જેટલી પ્રિમોનસુન કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બીકીની પ્રિ-મોન્સુન કામગીરી હાલમાં ચાલુ છે. જેને ટુંક સમયમા પુરી કરવામાં આવશે એમ ચીફ ઓફિસરશ્રી વ્યારા દ્વારા જણાવાયું છે.

# અરવલ્લી જિલ્લા કલેક્ટર શ્રી પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં મળી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક

**અરવલ્લી જીલ્લાના હિત અને પ્રશ્નોના સમાધાન માટે મળી જિલ્લાની સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક**



કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

મોડાસા કલેકટર કચેરી ખાતે કલેકટર શ્રી પ્રશસ્તિ પરીકની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. બેઠકમાં બાયડ ધારાસભ્ય શ્રી ધવલસિંહ ઝાલા તરફથી મળેલા પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ. અધિકારીશ્રીઓ દ્વારા પ્રશ્નોના યોગ્ય નિકાલ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી. બેઠકમાં વન વિસ્તરણ, વૃક્ષારોપણ, ગૌચર જમીન, નલ સે જલ યોજના, જિલ્લામાં ગુનાખોરી, જિલ્લામાં ચાલતા ઈંટવાડા, ગ્રામ પંચાયત વિસ્તરણ, દારૂ નાશ, આંગણવાડીના કામો, નરેગા યોજના, રોડ રિસર્ફેસિંગની કામગીરી, કુપોષિત બાળકો માટેની યોજના, પશુ સારવાર જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી. બેઠકમાં નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન, સરકારી લેણાં, કર્મચારીઓને મળતા લાભ, લોક અરજીના નિકાલ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી. લોકોની અરજીઓના યોગ્ય નિકાલની પણ ચર્ચા કરાઈ. વહીવટી કામગીરીને ઝડપી અને પરિણામ સભર બનાવવા પણ સૂચન કરાયા. આ બેઠકમાં ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કમલ શાહ, જિલ્લા પોલીસ વડાશ્રી સંજય ખરાત , જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રાજેશ કુચારા સહિત જિલ્લા સંકલન સમિતિના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કેવિકે તાપી વ્યારા ખાતે ચોમાસુ પાકોમાં બીજમાવજત વિષય ઉપર ખેડૂત શિબિર




કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા

તા.૩૧ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ પુરસ્કૃત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તાપી વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર ખાતે તા.૩૦/૦૫/૨૦૨૩ના રોજ ધાનુકા એગ્રીટેક લી. અમદાવાદના સંયુકત ઉપક્રમે " ખરીફ પાકોમાં બીજ માવજત" વિષય ઉપર ખેડૂત શિબિર યોજવામાં આવી હતી. જેમાં તાપી જીલ્લાના કુલ ૮૦ ખેડૂત બહેનો અને ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિસ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ. સી. ડી. પંડ્યાએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા જણાવી હતી. ડૉ. પંડ્યાએ ખરીફ પાકોમાં થતાં ફૂગજન્ય રોગોથી ખેડૂતોને અવગત કરી બીજ માવજતના ફાયદા જણાવ્યાં હતા. ધાનુકા એગ્રીટેક લી. અમદાવાદના ડીજીએલ શ્રી સી. એન. પટેલએ ધાનુકા કંપની વિશે માહિતી આપતાં જણાવ્યુ હતું કે, આ કંપની ૪૩ વર્ષ જૂની કંપની છે. અને હર હંમેશ ખેડૂતોના પ્રશ્નો સાંભળી તેના માટેનાં અનુકુળ ખેતીલક્ષી ઉત્પાદનો બનાવે છે. તેમણે કંપનીના ઉત્પાદનો જેવાં કે કેમ્પા, વિટાવેક્ષ પાવડર વિગેરે વિશે સંક્ષિપ્તમાં માહિતી આપી હતી. ધાનુકા એગ્રીટેક લી. અમદાવાદના એસ.એમ.ઈ શ્રી મયુરભાઈ અમેટાએ કંપની દ્વારા ઉત્પાદિત નિંદામણનાશક દવા કેમ્પા વિષે તાંત્રિક માહિતી આપી જણાવ્યું હતું કે, આ દવાથી બધાં જ પ્રકારના નિંદામણનો નાશ થાય છે તેમજ પર્યાવરણને કોઈપણ આડઅસર થતી નથી. કેવિકેના પાક સંરક્ષણના વૈજ્ઞાનિક ડૉ. એચ. આર. જાદવએ ખરીફ પાકોમાં બીજ માવજતની જૂદી-જૂદી પધ્ધતિઓ વિશે સવિસ્તાર સમજણ આપી હતી. કાર્યક્રમના અંતે ખેડૂતો દ્વારા રોગ – જીવાતોને લગતા પ્રશ્નોનું વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા નિરાકરણ કરવામાં આવ્યું હતું. આભારવિધિ ધાનુકા એગ્રીટેક લી. અમદાવાદના સિનિયર એરીયા મેનેજર શ્રી કે. બી. પટેલએ કરી હતી. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન કેવિકેના પશુ વિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. જીગર બુટાણીએ કર્યુ હતુ.

# ડાંગ જિલ્લાની ડીસ્ટ્રીકટડેવલોપમેન્ટકો ઓર્ડીનેશન અને મોનીટરીંગ કમિટી (દિશા) ની બેઠક મળી

**પ્રજા સુધી સરકારી યોજનાઓ સુપેરે પહોચાડવા પંચાયત પ્રમુખશ્રી સહિતના પદાધિકારીઓનો અનુરોધ**

**સરકારી યોજનાઓના કામો સત્વરે પૂર્ણ કરવાનો સાંસદશ્રી ડો.કે.સી.પટેલનો અનુરોધ**



કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમા વલસાડ-ડાંગના સાંસદશ્રી ડો.કે.સી.પટેલ તેમજ, ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત સહિતના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં, ડીસ્ટ્રીકટ ડેવલોપમેન્ટ કો ઓર્ડીનેશન અને મોનીટરીંગ કમિટી (દિશા) ની બેઠક મળી હતી. આહવા ખાતે ડાંગ જિલ્લાની ડીસ્ટ્રીકટ ડેવલોપમેન્ટ કો ઓર્ડીનેશન અને મોનીટરીંગ કમિટી (દિશા) ની બેઠકને સંબોધતા ડો.પટેલે, ડાંગ જિલ્લાની પ્રજા સુધી સરકારી યોજનાઓના લાભ પહોચાડવા, તેમજ સરકારી કામો પુર્ણ થયા હોય તો સંબંધિત અમલિકરણ અધિકારીને પદાધિકારીઓ સાથે સંકલનમા રહીને પ્રજાજનો સુધી તેના લાભો સુપેરે પહોંચાડવા માટે અનુરોધ કર્યો હતો. બેઠકમા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિતે, પ્રજાના પ્રશ્નોને ધ્યાને લઈને લાભાર્થીઓને સમયસર યોજનાકીય લાભો પહોંચાડવાની વિવિધ અમલીકરણ અધિકારીઓને અપીલ કરી હતી. સાથે જ પ્રાથમિક શાળાઓના ઓરડાઓ સહિતની સુવિધાઓ સુવ્યવસ્થિત કરવા જણાવ્યુ હતુ. દરમિયાન કલેકટર મહેશ પટેલે પ્રજા કલ્યાણની યોજનાઓ અને વ્યકિતગત તથા સામૂહિક વિકાસ કામોમા ગતીશીલતા લાવવા માટે સુચનો કર્યા હતા. અમલિકરણ અધિકારોને પ્રો એક્ટિવ અભિગમ સાથે બિન જરૂરી વિલંબ ટાળવા સાથે, પૂર્ણ હકારાત્મક અભિગમ અને પરસ્પર સંકલન સાથે કાર્યવાહી કરવાની પણ તેમણે આ વેળા અપીલ કરી હતી. જિલ્લાના ૧૪૧ જેટલા ટી.બી.ના દર્દીઓને જિલ્લા અધિકારીઓએ દત્તક લઈ, તેમણે સરવાર દરમિયાન પૂરક પોષણ મળી રહે તેવો સંવેદનશીલ અભિગમ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ લીધો છે. જેની સાંસદશ્રીને જાણકારી આપતા કલેક્ટરશ્રીએ, જિલ્લાની મુલાકાતે પધારેલા સાંસદશ્રીને જિલ્લા વહીવટી તંત્ર વતી 'દિશા'ના તમામ કામોના અમલિકરણમાં તંત્ર ખડેપગે રહેશે તેવી ખાત્રી આપી હતી.

દિશાની નેશનલ સોસીયલ આસીસ્ટન્ટ પ્રોગ્રામ અંતર્ગતની યોજનાઓ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાય યોજના, ખેતીવાડી યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી કિસાન માનધન યોજના, વિવિધ વીજ યોજનાઓ, આરોગ્યલક્ષી યોજનાઓ, સમગ્ર શિક્ષા યોજના, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય, આંગણવાડી કેન્દ્રની યોજનાઓ, મધ્યાહ્ન ભોજન યોજના, દીનદયાળ અંત્યોદય યોજના, ઈ ગ્રામ સેન્ટરની સેવાઓ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી અધિનિયમ-૨૦૦૫, એન.આર.એલ.એમ. યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ), સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ), સંદેશ વ્યવહારની સેવાઓ સહીત પ્રધાનમંત્રી ગ્રામસડક યોજના વિગેરેની વિસ્તૃત સમીક્ષા હાથ ધરવામા આવી હતી. જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલી આ બેઠકમા જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.એમ.જાદવ, જિલ્લા પંચાયતની વિવધ સમિતિઓના ચેરમેન સહીત સદસ્યો, તાલુકા પંચાયતના પ્રમુખો, પદાધિકારીઓ, અધિક નિવાસી કલેકટર-વ-જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી શિવાજી તબિયાળ, નાયબ વન સંરક્ષકો સર્વશ્રી રવિ પ્રસાદ, અને દિનેશ રબારી, નાયબ પોલીસ વડા શ્રી સુનિલ પાટિલ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશ જોશી, પ્રાંત અધિકારી શ્રી રાજેન્દ્રસિંહજી ચૌહાણ, કાર્યપાલક ઈજનેર શ્રી એસ.આર.પટેલ, જુદા જુદા વિભાગોના અમલીકરણ અધિકારીઓએ ઉપસ્થિત રહી ચર્ચામા ભાગ લીધો હતો.

# 'ગ્રીન ગુજરાત કલીન ગુજરાત' અને 'ગો ગ્રીન'ના મંત્ર થકી બિન-પરંપરાગત ઉર્જા ક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોખરે

## ગુજરાત પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદનમાં દ્વિતીય ક્રમેઃ સ્થાપિત કુલ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સની ૯૪૫૫.૭૧ મેગાવોટ ક્ષમતા સાથે દેશમાં દ્વિતીય સ્થાને



**તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત આયોજનને પરિણામે મળી સફળતા**

**સમગ્ર દેશની રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટની કુલ સ્થાપિત ક્ષમતા ૧૨૫૧૫૯.૮૩ મે. વોમાં ગુજરાતનો ૧૫.૪ ટકા હિસ્સોઃ રાજયમાં ૧૯૨૯૦.૯૪ મે.વો સ્થાપિત ક્ષમતા**

કમલમ્ ન્યુઝ, ભાવેશ તન્ના

પર્યાવરણ જતનના ઉદ્દેશ્ય સાથે અને 'ગ્રીન ગુજરાત કલીન ગુજરાત' તથા 'ગો ગ્રીન'ના મંત્ર થકી બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે ગુજરાતે દેશભરમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત આયોજનને પરિણામે આજે ગુજરાતને સફળતા મળી છે. સુદ્રઢ આયોજનના પરિણામે ગુજરાત પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવા માટે દેશભરમાં દ્વિતીય ક્રમે છે. એટલું જ નહીં, સ્થાપિત કુલ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સની ૯૪૫૫.૭૧ મેગાવોટ ક્ષમતા સાથે દેશમાં દ્વિતિય સ્થાને છે, જે ગુજરાત માટે ગૌરવરૂપ બાબત છે. આગામી તા.૫મી જૂન વિશ્વપર્યાવરણ દિન નિમિત્તે બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે નાગરિકોમા પર્યાવરણના જતન માટે જનજાગૃતિ કેળવાય એ આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજયવ્યાપી આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. જેડા દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર રાજય સરકારના દ્રષ્ટિવંત આયોજન અને અસરકારક કામગીરીના પરિણામે ગુજરાત પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવા માટે દ્વીતીય ક્રમે છે. ગુજરાતનો ૧૬૦૦ કિ. મિ. લાંબો દરિયાકિનારો પવનશકિતનો ઉપયોગ કરી વીજ ઉત્પાદન કરવા માટે આશિર્વાદરૂપ સમાન છે. ગુજરાતના મોટા મેદાનો અને સાધારણ જટિલ ભૂપ્રદેશ પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવા સાનુકુળ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારોમાં અત્યાર સુધીમાં પવન ઊર્જાના મોટા પ્રોજેકટો સ્થાપવા માટે ૫૬ સંભવિત સ્થળોની ઓળખ કરવામાં આવી છે. રાજયના આંતરીક વિસ્તારોમાં પણ, પવન ગતિની સંભાવનાનો અભ્યાસ કરતાં પવન ઉર્જા પ્રોજેકટના સ્થાપન માટે ખૂબ સારા પરિણામો મળ્યા છે. MNRE, Ne Delhi દ્વારા જાહેર કરેલ માપણી મુજબ ગુજરાતમાં પવન ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન માટે આશરે કુલ ૧૪૨.૫૬ ગી.વો. (૧,૪૨,૫૬૦ મેવો.) ના પ્રોજેકટોની શકયતાઓ છે. જે દેશમાં સૌથી વધુ છે. ગુજરાત દ્વારા વર્ષ ૧૯૯૩-૯૪ માં દેશની સૌ પ્રથમ પવન ઊર્જા નીતિ જાહેર કરવામાં આવી હતી જેની સફળતાના પરિણામે રાજય સરકારે પાંચ પવન ઊર્જા નીતિઓ જાહેર કરી છે અને હાલ પાંચમી પવન ઊર્જા નીતિ એટલે કે ગુજરાત વિન્ડ પાવર પોલિસી - ૨૦૧૬ અમલમાં છે. જેના પરિણામ સ્વરૂપે રાજયમાં ૩૦ એપ્રિલ ૨૦૨૩ ની સ્થિતિએ સ્થાપિત પવન ઊર્જા પ્રોજેક્ટ્સની ક્ષમતા ૯૯૧૦.૦૭ મેગાવોટ છે જે સમગ્ર દેશમાં બીજા સ્થાને છે. રાજયના દરિયા કિનારાથી સમુદ્રની અંદર (Off Shore Wind Farm) સ્થાપવાની ક્ષમતા આશરે ૩૨ થી ૩૫ ગી.વો. એટલે કે ૩૨૦૦૦ થી ૩૫૦૦૦ મેવો.છે. સમગ્ર ભારતમાં ૩૧ માર્ચ-૨૦૨૩ ની સ્થિતિએ ૪૨૬૩૩.૧૩ મે. વો. ક્ષમતાના વિન્ડ પાવર પ્રોજેકટો સ્થાપવામાં આવ્યા છે. જે પૈકી ૯૭૯૯.૧૬ મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન ૨૩ ટકા સાથે બીજા સ્થાને છે. ગુજરાત ભૌગોલિક રીતે કર્કવ્રુત ઉપર હોવાથી સૌર ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરવા માટે રાજયમાં વિપુલ તકો રહેલી છે. જેને ધ્યાને લઈને ગુજરાતે વર્ષ ૨૦૦૯-૧૦ માં દેશની સૌપ્રથમ સૌર ઊર્જા નીતિ જાહેર કરી હતી. અને હાલ રાજયમાં ત્રીજી સૌર ઊર્જા નીતિ એટલે કે ગુજરાત સોલાર પાવર પોલિસી - ૨૦૨૧ અમલમાં છે. રાજયમાં ૩૦ એપ્રિલ ૨૦૨૩ ની સ્થિતિએ સોલાર રૂફટોપ સિસ્ટમ અને જમીન ઉપર સ્થાપિત સોલાર પ્રોજેકટમાં ૯૪૫૫.૭૧ મેગાવોટ સાથે સ્થાપિત કુલ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સની ક્ષમતા સાથે દેશમાં દ્વિતિય સ્થાને છે. સમગ્ર ભારતમાં ૩૧ માર્ચ- ૨૦૨૩ ની સ્થિતિએ ૬૬૭૮૦.૩૬ મે. વો. ક્ષમતાના સૌર પાવર પ્રોજેકટો સ્થાપવામાં આવ્યા છે. જે પૈકી ૯૩૨૦.૫૮ મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાતનું યોગદાન ૧૪ ટકા સાથે દ્વિતિય સ્થાને છે. ગુજરાતે રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે મેળવેલ સિધ્ધીઓ ની વિગતો

રાજયમાં બિન પરંપરાગત ઉર્જા અતર્ગત વિન્ડ પાવર પ્રોજેક્ટ ક્ષેત્રે ૯૯૧૦.૦૭ મે.વોટ ક્ષમતા, સોલાર પાવર પ્રોજેકટ અતર્ગત જમીન ઉપર સ્થાપિત ક્ષમતામાં ૬૯૦૨.૦૩ મેગાવોટ અને રહેણાંક ઉપર સ્થાપિત સોલાર રૂફ ટૉપ ૧૮૦૨.૯૧ મેગાવોટ, બિનરહેણાંકીય સોલાર રૂફ ટૉપ ક્ષેત્રે ૭૫૦.૭૭ મેગાવોટ મળી કુલ ૯૪૫૫.૭૧ મેગાવોટ ક્ષમતા ઉપલબ્ધ છે. એ જ રીતે, વિન્ડ સોલાર હાઈબ્રીડમાં ૪૧૦.૨૩ મેગાવોટ, બાયો માસ ક્ષેત્રે ૮૧.૫૫ મેગાવોટ, સ્મોલ હાયડ્રો પાવર ક્ષેત્રે ૮૨.૧૫ મેગાવોટ, વેસ્ટ ટુ એનર્જી ક્ષેત્રે ૭.૫૦ મેગાવોટ મળી કુલ રીન્યુએબલ એનર્જી ક્ષેત્રે ૧૯૯૪૭.૨૧ મેગાવોટ ક્ષમતા રાજયમાં ઉપલબ્ધ છે.

રાજયની રિન્યુએબલ એનર્જી હેઠળ પ્રોજેકટની કુલ સ્થાપિત ક્ષમતા ૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સમગ્ર દેશની કુલ સ્થાપિત ક્ષમતા ૧,૨૫,૧૫૯.૮૩ મે. વો.ની સાપેક્ષે ગુજરાત ૧૫.૪% સાથે ૧૯૨૯૦.૯૪ મે.વો.સ્થાપિત ક્ષમતા છે. રાજયમાં રિન્યુએબલ પાવરના વિવિધ સ્ત્રોતમાં વિન્ડ પાવર પ્રોજેક્ટ્સ, સોલાર પાવર પ્રોજેક્ટ્સ,નાના હાઈડ્રો પ્રોજેક્ટ્સ,બાયોમાસ પ્રોજેક્ટ્સ હેઠળ કુલ ૧૯૨૯૦.૯ મેગાવોટ ક્ષમતાના પ્રોજેકટસ સ્થાપીને ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરાઈ છે. જેમાં વિન્ડ પાવર પ્રોજેક્ટ્સ ક્ષેત્રે ૫૦.૮ ટકા, સોલાર પાવર પ્રોજેક્ટ્સ ક્ષેત્રે ૪૮.૩ ટકા, નાના હાઈડ્રો પ્રોજેક્ટ્સ ક્ષેત્રે ૦.૪ ટકા અને બાયોમાસ પ્રોજેક્ટ્સ ક્ષેત્રે ૦.૫ ટકા કામગીરી કરવામાં આવી છે. રાજયમાં બિન પરંપરાગત અને પરંપરાગત ઉર્જાના પાવર સ્ત્રોત અંતર્ગત કુલ સ્થાપિત ક્ષમતા ૪૫૯૧૨ મેગાવોટ સાથે ૧૦૦ ટકા સ્થાપિત ક્ષમતા સાથે ગુજરાતનો દેશમાં ૧૧ ટકા હિસ્સો છે. જેમાં બિન પરંપરાગત ઉર્જા ક્ષેત્રે ૪૨ ટકા અને પરંપરાગત ઉર્જા ક્ષેત્રે ૫૮ ટકા હિસ્સો છે.

